| | | | |
|---|---|---|---|
| રજૂ તારીખઃ– | ૧૩/૦૫/૨૦૨૪ | | |
| નોંધ્યા તારીખઃ– | ૧૩/૦૫/૨૦૨૪ | | |
| ફેંસલ તારીખઃ– | ૧૬/૦૪/૨૦૨૬ | | |
| અવધિઃ– | વર્ષ | માસ | દિવસ |
| | ૦૧ | ૧૧ | ૦૨ |
| **આંકઃ–** | **૨૫** | | |

**મે.રાજકોટના પાંચમા અધિક સત્ર ન્યાયાધીશશ્રીની કોર્ટ સમક્ષ, રાજકોટ.**

**<u>ફોજદારી અપીલ નં. ૩૧૬/૨૦૨૪</u>**

**અરજદાર/એપેલેન્ટઃ**

**(મુળ આરોપી)** **હસુભાઈ ઉર્ફે હસમુખ રવજીભાઈ દલવાડી,**
ઉ.વ.–પુખ્ત, ધંધો–
રહે. રાધામીરા સોસાયટી શેરી નં.૨,
મોરબી રોડ, ફાટક પાસે, રાજકોટ.

**વિરુદ્ધ**

**સામાવાળા/રીસ્પોન્ડન્ટઃ**

**(મુળ ફરિયાદી)** **ધર્મિષ્ઠ બીપીનભાઈ જોષી,**
રહે. ગ્રામઉદ્યોગ મંદિર બ્લોક નં.૯૮,
પેડક કોલોની, પેડક રોડની અંદર, રાજકોટ.

***<u>બાબતઃ</u>*** ***<u>ક્રી.પ્રો.કોડ કલમ–૩૭૪ મુજબ સજાના હુકમ વિરૂદ્ધ અપીલ.</u>***

================================================
એપેલેન્ટ/મુળ આરોપી તરફે વિ.વકીલશ્રી આઈ.બી.સોલંકી
સામાવાળા /મુળ ફરિયાદી તરફે વિ.વ.શ્રી વી.કે.શેઠ
================================================

## -// <u>ઠ રા વ</u> //-

(૧) આ કામના અપીલકર્તા (મુળ આરોપી) તરફે હાલની અપીલ દાખલ થયેલ છે, જે અપીલની સંક્ષિપ્ત હકીકત એવી છે કે, આ કામના અપીલકર્તા વિરુધ્ધ સામાવાળા નાએ રાજકોટના મહે. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટ કલમ-૧૩૮ મુજબની ફરીયાદ આપેલ જેને ફોજદારી કેસ નં. ૧૭૧૩૬/૨૦૧૯ આપવામાં આવેલ. જે કેસ રાજકોટના વિ. ૧૬મા એડી.ચીફ જયુડી.મેજી.શ્રીની કોર્ટમાં ચાલી જતા જે લગત આ કામના અપીલકર્તા (મુળ આરોપી)ને ક્રિ. પ્રો. કોડની કલમ-૨૫૫(૨) અન્વયે ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબના ગુનાના કામે તકસીરવાન ઠરાવી આરોપીને કેદની સજા ભોગવવા તથા વળતર ચુકવવા તા.૧૫/૦૪/૨૦૨૪ ના રોજ ટ્રાયલ કોર્ટે આંક-૩૦ થી ફરમાવેલ હુકમથી નારાજ થઈને હાલની અપીલ દાખલ કરેલ છે.

(૨) આ અપીલના કામે સામાવાળાઓને ને પ્રોસેસની બજવણી થયેલ છે. સામાવાળા (મુળ ફરીયાદી) તેમના વિ. વ. શ્રી વી.કે.શેઠ મારફતે હાજર થયેલ છે. આ અપીલના કામે ટ્રાયલ કોર્ટનું રેકર્ડ મંગાવવામાં આવેલ છે.

(૩) ત્યારબાદ એપેલેન્ટ તરફે તેમના વિ.વકીલશ્રીની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે જ્યારે સામાવાળા (મુળ ફરીયાદી) તરફે તેમના વિ.વકિલશ્રી દ્વારા આંક-૨૩ થી લેખિત દલીલ રજુ કરેલ છે અને આંક-૧૧ થી અપીલના કામે વાંધા રજુ કરેલ છે જે વંચાણે તેમજ ધ્યાને લેવામાં આવેલ છે.

(૪) હાલની અપીલના નિર્ણય સારુ નીચે મુજબના મુદ્દા કાઢવામાં આવે છે.

**::મુદ્દા::**

(૧) શું રાજકોટના વિ. ૧૬ અધિક ચીફ જયુડી. મેજી. શ્રીની અદાલત દ્ધારા ક્રિમીનલ કેસ નં. ૧૭૧૩૬/૨૦૧૯ ના કામે તા.૧૫/૦૪/૨૦૨૪ ના રોજ આંક–૩૦ થી કરવામાં આવેલ વાદગ્રસ્ત હુકમ ભૂલભરેલ, ગેરકાયદેસર અને કાયદાની જોગવાઈ વિરુદ્ધનો છે? અને શું તેથી તેમાં હાલની આ અપીલના કામે હસ્તક્ષેપ કરવો જરૂરી જણાય છે?

(૨) શું હુકમ?

(૫) ઉપરોકત મુદ્દાના મારા નિર્ણયો નીચે મુજબ છે:

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**::કા ર ણો::**

**મુદ્દા નં.૧:–**

(૬) આ કામે હવે પછી અપીલકર્તા ને "આરોપી" તથા સામાવાળા નં. ૧ ને "ફરીયાદી" તરીકે સંબોધવામાં આવેલ છે. સદર કામે અપીલ મેમો વંચાણે લીધો. આ કામે મુળ ફોજદારી કેસમાં ફરિયાદની હકીકત એવી છે કે, આ કામના આરોપી આ કામના ફરિયાદીના કાકા સંજયભાઈ જોષીના પાડોશી થતા હોય અને તેઓ કાકાના ઘરે વારંવાર આવતા જતા હોય તેથી આરોપી સાથે ફરિયાદીને મિત્રતાના સંબંધ બંધાયેલ અને આરોપીએ મિત્રતાના દાવે ફરિયાદી પાસેથી રૂ૰ ૩,૫૦,૦૦૦/– તા. ૧૦/૦૬/૨૦૧૬ ના રોજ ૧૧ માસ માટે હાથ ઉછીના લીધેલા અને તે રકમ મેળવતી વખતે આરોપીએ સ્ટેમ્પ પેપર ઉપર નોટરાઈઝ્ડ લખાણ પણ કરી આપેલ. ત્યારબાદ ૧૧ માસ બાદ ફરિયાદીએ રકમ પરત માંગતા આ કામના આરોપીએ બહાનાઓ બતાવી સમય વ્યતિત કરેલ અને અંતે એપ્રીલ–૨૦૧૯ માં રાજકોટ નાગરીક સહકારી બેંક લી., બેડીપરા, રાજકોટ શાખાનો ચેક નં.૫૩૨૯૫૫, તા.૧૮/૧૦/૨૦૧૯ નો રૂ૰ ૩,૫૦,૦૦૦/– પુરાનો ચેક ફરીયાદીને આપેલ. જે ચેક બેંકમા પાસ થવા માટે રજુ કરતા "ફંડ્સ ઈનસફીશીયન્ટ' ના શેરા સાથે પરત આવેલ. જે અંગે ફરિયાદીએ તેમના વકીલશ્રી મારફત

તા.૦૫/૧૧/૨૦૧૯ ના રોજ આરોપીને લીગલ નોટીસ આપેલ જે નોટીસ આરોપીને તા.૦૬/૧૧/૨૦૧૯ ના રોજ બજી ગયેલ હોવા છતાં આ કામના આરોપીએ ચેકમાં જણાવ્યા મુજબની રકમ કે કોઈ રકમ નહીં ચુકવતા ફરિયાદી દ્વારા આ કામના આરોપી આરોપી વિરૂદ્ધ ધી નોગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ ની કલમ-૧૩૮ મુજબની ફરિયાદ દાખલ કરેલ જે ફોજદારી કેસમાં આરોપીને તકસીરવાન ઠરાવી સજા તેમજ વળતર ચુકવવાનો હુકમ થતા તે હુકમ સામે હાલની અપીલ દાખલ કરેલ છે.

(૭) સદર કામે આરોપી તરફે અપીલ મેમોમાં એવી રજુઆત કરવામાં આવેલ છે કે, નામ. નીચેની અદાલતનો હુકમ ગેરકાયદેસરનો ભુલ ભરેલો કાયદાની જોગવાઈ વિરુધ્ધનો છે. એપેલેન્ટ તરફે જે કાંઈ રજુઆત થઈ હોય તેને નજર અંદાજ કરી હુકમ કરેલ છે. હુકમ અને સજાના કોમ્ટમ બાબતે આરોપીને રજુઆત કરવાની તક આપેલ નથી. સજા બાબતે હુકમ ગેરકાનુની અને ડીફેકટીવ છે. આરોપીને સજાનો હુકમ કરતા પહેલા જવાબ તથા રજુઆતની તક આપવામાં આવી નથી. હુકમના પાયાના કહેવાતા દસ્તાવેજી પુરાવાઓ કાયદેસર પુરવાર થયા નથી. ફરિયાદવાળો વ્યવહાર થયાના કે કાનુની લેણુ હોવાના આધારમાં કોઈ પુરાવા રજુ થયા નથી. ટ્રાયલ કોર્ટ સમક્ષ કેસ એક્સપાર્ટી ચાલેલ છે. પોતાના પુરવા રજુ કરી શકેલ નથી. આરોપીએ પોતાનો બચાવ કરેલ નથી. એપેલેટ કોર્ટમાં ૨૦ ટકા રકમ ભરેલ છે. આમ, ઉપરોક્ત તમામ હકીકતો ધ્યાને લઈ નામ. ટ્રાયલ કોર્ટે કરેલ હુકમ રદ કરી એપેલન્ટની હાલની અપીલ મંજૂર કરી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિકલ્પે આરોપીને ટ્રાયલ કોર્ટમાં બચાવ કરવાની તક મળેલ ન હોય તે સંજોગોમાં મેટર રીમાન્ડ કરવા રજુઆત કરેલ છે.

(૮) જ્યારે સામાવાળા (મુળ ફરીયાદી) તરફે તેમના વિ.વકિલશ્રી દ્વારા આંક-૨૩ થી લેખિત દલીલ રજુ કરેલ છે અને આંક-૧૧ થી અપીલના કામે વાંધા રજુ કરેલ છે. તેઓએ પોતાના વાંધામાં અને દલીલમાં જણાવેલ છે કે, ટ્રાયલ કોર્ટે પુરાવાનું યોગ્ય મુલ્યાંકન કરેલ છે. આંક-૧૨ થી ૧૮ ના તમામ દસ્તાવેજો જોવામાં આવે તો રીસ્પોડન્ટે તેનું લેણું સાબીત કરેલ છે. આંક-૧૮ થી પક્ષકારો વચ્ચેના આર્થિક વ્યવહાર બાબતેનો લેખિત દસ્તાવેજ

રેકર્ડ પર છે. જે બાકી લેણાની એપેલેન્ટે કબુલાત કરેલ છે. એપેલેન્ટ કે તેના વકીલશ્રી ઉલટતપાસના સ્ટેજથી સતત ગેરહાજર રહેલ છે. કાનુની કાર્યવાહીમાં ભાગ લીધેલ નથી. એપેલેન્ટે રજુ થયેલ પુરાવાઓ અને ફરિયાદની વિગતનું ખંડન કરવા હાજર રહેલ નથી કે કોઈ પ્રયાસ કરેલ નથી. નામ. સુપ્રીમ કોર્ટે રંગપ્પા વિરૂદ્ધ મોહનના કેસમાં ઠરાવેલ છે કે, જ્યાંસુધી ફરિયાદીનો પુરાવો વિશ્વસનીય રીતે રીબર્ટ ન થાય ત્યાંસુધી ચેક કાયદેસરની જવાબદારીના દેવા પેટે આપેલ છે જે રીસ્પોડન્ટે સાબીત કરેલ છે. ટ્રાયલ કોર્ટ સમક્ષ એપેલેન્ટને અનેકવાર ઉલટતપાસ ફરિયાદીની કરવાની તક આપવામાં આવેલ છતાં ઉલટતપાસ કરતા ન હોવાથી ઉલટનો હક્ક બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ એપેલેન્ટનું ટ્રાયલ કોર્ટ સમક્ષ વિશેષ નિવેદન નોંધવામાં આવેલુ. જેમાં પોતાના બચાવમાં કોઈ સાક્ષી પણ તપાસેલા નથી. ટ્રાયલ કોર્ટ સમક્ષ દલીલ કરવા પણ હાજર રહેલ નથી. એપેલેન્ટે અવેજ સ્વીકારી રીસ્પોડન્ટની તરફેણમાં હાથ ઉછીની લીધેલ રકમનું લખાણ કરી આપેલ છે. જેથી ટ્રાયલ અદાલતે ફરમાવેલ ચુકાદો યોગ્ય, ન્યાયિ અને વ્યાજબી હોય અપીલ રદ કરવા જણાવેલ છે. જ્યારે આરોપીને ટ્રાયલ કોર્ટે બચાવ કરવાની પૂરતી તક આપેલ છે પરંતુ આરોપીએ બચાવની તક લીધેલ નથી. જેથી મેટર રીમાન્ડ કરવાનો પણ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૯) આ કામે ટ્રાયલ કોર્ટના રેકર્ડ ઉપર આવેલા પુરાવાનું મુલ્યાંકન કરતાં પહેલા ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ અને ૧૩૯ ની કાનુની જોગવાઈઓની નોંધ લેવી આવશ્યક જણાય છે.

**ધી. નેગો. ઈન્સ્ટ્રુમેન્ટ એકટ કલમ: ૧૩૮ :–**

"સમગ્ર અથવા અંશત દેવા અથવા બીજી જવાબદારી અદા કરવા માટે કોઈ વ્યક્તિ પોતે નિભાવતો હોય તેવા ખાતા ઉપરનો ચેક, તે ખાતામાંથી બીજી વ્યકતિને નાણાં ચુકવવા માટે બેન્કરને લખે અને તેવા ચેકની ચુકવણી કર્યા વિના બેંક પરત કરે, અને પરત થવાનું કારણ એવું હોય કે ખાતામાંથી જમા રકમ ચેક સ્વીકારવા માટે અપુરતી છે અથવા તે બેંક સાથે સમજુતિથી કરેલી વ્યવસ્થા પ્રમાણે ચેકની રકમ તે રકમ કરતાં વધારે છે, ત્યારે આવી વ્યક્તિએ ગુનો કર્યાનું ગણાશે, અને આ કાયદાની અન્ય જોગવાઈઓને બાધ ન

આવે તેમ તેને બે વર્ષ સુધીની કેદની શિક્ષા અથવા ચેકની રકમ કરતાં બમણી રકમ સુધીનો દંડ અથવા તે બંને શિક્ષા કરવામાં આવશે.

સ્પષ્ટીકરણ: આ કલમના હેતુ માટે "દેવુ અથવા અન્ય જવાબદારી" એટલે કાયદેસર રીતે જેનો અમલ કરાવી શકાય તેવું દેવું અથવા અન્ય જવાબદારી એવો થાય છે.

**ધી નેગો. ઈન્સ્ટ્રુમેન્ટ એકટ કલમ: ૧૩૯ :–**

" વિરુધ્ધની હકીકત સાબિત ન થાય ત્યાં સુધી એવું અનુમાન કરવામાં આવશે કે તે ચેક ધારણ કરનારે તે ચેક કલમ–૧૩૮ માં દર્શાવ્યા મુજબ તેના કોઈ દેવાના અથવા અન્ય જવાબદારીના પુરેપુરા અથવા તેના કોઈ ભાગમાંથી બોજ મુકત થવાના બદલામાં તે ચેક મેળવ્યો હશે."

(૧૦) આ કામે નામદાર ઉચ્ચ અદાલતે જુદા જુદા ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો મુજબ આ અનુમાન તે ખંડનાત્મક પ્રકારનું અનુમાન છે અને આરોપીએ તેનું ખંડન કરતો પુરાવો રેકર્ડ ઉપર રજુ કરવાનો રહે, તે મુજબના સિધ્ધાંતને પ્રસ્થાપિત કરેલ છે. આરોપી ઉપર પુરાવાનો કેવો અને કેટલો બોજો છે તે સંબંધે નામદાર સુપ્રીમ કોર્ટના **હિતેન પી. દલાલ વિરુધ્ધ ભટીન્દરનાથ બીન્દ્રે, ૨૦૦૧ એ.એલ.એલ એમઆર (ક્રિમીનલ), પાના નં. ૧૪૯૭: ૨૦૦૧(૬) એસ.સી.સી., પાના નં. ૧૬** ના ચુકાદામાનાં પુરાવાના મુલ્યાંકન અંગેના સિધ્ધાંતને પણ ધ્યાને લેવાનું અને જેને હું આ તબક્કે નોંધવા આવશ્યક ગણુ છું.:–

*"22. Presumptions are rules of evidence and do not conflict with the presumption of innocence, because by the latter, all that is meant is that the prosecution is obliged to prove the case against the accused beyond reasonable doubt. The obligation on the prosecution may be discharged with the help of presumptions of law or fact unless the accused adduces evidence showing the reasonable possibility of the non-existence of the presumed fact.*

*23. In other words, provided the facts required to form the basis of a presumption of law exist, no discretion is left with the court but to draw the statutory conclusion, but this does not preclude the person against whom the presumption is drawn from rebutting it and proving the contrary. A fact is said to be proved when, after considering the matters before it, the court either believes it to exist, or considers its existence so probable that a prudent man ought, under the circumstances of the particular case, to act upon the supposition that it exists. Therefore, the rebuttal does not have to be conclusively established but such evidence must be adduced before the court in support of the defence that the court must either believe the defence to exist or consider its existence to be reasonably probable, the standard of reasonability being that of the prudent man."*

(૧૧) ઉપરોકત ચુકાદાના પેરા–૨૩ માં પુરાવાના મુલ્યાંકન સંબંધેની જે ચર્ચા કરવામાં આવેલી છે તે ધ્યાને લેતાં ભારતીય પુરાવા અધિનિયમ ૧૮૭૨ ની કલમ–૩ માં જે સાબિતી અંગેની વ્યાખ્યા કરવામાં આવેલ છે, તે મુજબ કોઈ હકીકત ત્યારે સાબિત થયેલ છે તેમ ગણી શકાય, કે જયારે તે હકીકત સંબંધે કહેલ બાબતે વિચારતા અદાલત તે મુજબનું અસ્તિત્વ હોવાનું માને અથવા તેનુ અસ્તિત્વ એટલી હદે સંભવિત માને કે એક સમજદાર વ્યક્તિ જે તે કેસના સંજોગો હેઠળ એવી ધારણાથી વર્તે કે તેનું અસ્તિત્વ છે, તો તેવા સંજોગોમાં તે હકીકતો સાબિત થયેલ છે તેમ ગણાય તેવો નિર્દેષ મળે છે.

(૧૨) ઉપરોકત સિધ્ધાંતોને નજર સમક્ષ રાખી ટ્રાયલ કોર્ટ સમક્ષ પક્ષકારો એ રજુ કરેલ તમામ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું તલસ્પર્શી મુલ્યાંકન કરતા, ફરીયાદીએ તેમની ફરીયાદ હકીકતને પુરવાર કરવા સોંગદનામા ઉપરની જુબાની રજુ કરેલ છે, અને આંક–૧૨ થી ૧૮ સુધીના દસ્તાવેજો રજુ કરેલા છે. સદર કામે ફરીયાદીની સોગંદનામાં ઉપરની જુબાની આંક–૪ થી રજુ થયેલ છે, જેમાં ફરીયાદ મુજબની હકીકતો દર્શાવેલ છે.

તેમજ પુરતી તક આપવા છતાં આરોપી તરફે ફરીયાદીની કોઈ ઉલટતપાસ કરવામાં આવેલી નથી. ત્યારબાદ ફરિયાદીના વકીલશ્રી દ્વારા આંક-૧૯ થી આરોપીનો ફરિયાદીની ઉલટતપાસનો હક્ક બંધ કરવા અરજી આપતા વિ. ટ્રાયલ કોર્ટ દ્વારા આરોપીનો ફરિયાદીની ઉલટતપાસનો હક્ક તા. ૩૦/૧૧/૨૦૨૨ ના રોજ બંધ કરી દીધેલ હોવાનુ ફલીત થાય છે. ત્યારબાદ ફરિયાદપક્ષ તરફે આંક-૨૩ થી કલોઝીંગ પુરસીસ રજુ રાખેલ. ત્યારબાદ આરોપી એફ.એસ. માટે હાજર રહેલ છે. પરંતુ ત્યારબાદ આરોપી કે તેમના વકીલશ્રી દલીલ માટે હાજર નહીં રહેતા ફરિયાદપક્ષ તરફે આંક-૨૮ થી આરોપીનો દલીલનો હક્ક બંધ કરવા માટે અરજી આપતા વિ.ટ્રાયલ કોર્ટ દ્વારા તા.૦૪/૦૯/૨૦૨૩ ના રોજ આરોપીનો દલીલનો હક્ક બંધ કરવાનો હુકમ કરવામાં આવેલ છે.

ઉપરોક્ત હકીકતો સાથે સદર કામે આંક-૧૨ થી રજુ થયેલ ચેક જોવામાં આવે તો આરોપીએ ફરિયાદીના નામજોગ તેમના નાગરીક બેંક માં આવેલ ખાતાનો ચેક નં. ૫૩૨૯૫૫ તા. ૧૮/૧૦/૨૦૧૯ ના રોજનો રૂપીયા ૩,૫૦,૦૦૦/-નો આ કામના આરોપીએ તેમની સહી કરી ફરિયાદીને આપેલ હોવાનુ ફલીત થાય છે. આમ, આરોપીએ ફરિયાદી પાસેથી હાથ ઉછીની રકમની ચુકવણી પેટે આંક-૧૨ વાળો ચેક ફરિયાદીને આપેલ હોવાની હકીકત ફરિયાદી તરફે રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતા પ્રથમદર્શનીય રીતે પુરવાર થતુ હોવાનું ફલીત થાય છે. વધુમાં સદરહુ લેણી રકમ આરોપીએ ફરિયાદીને ચુકવી આપેલ છે તે રેકર્ડ પર લાવી પુરવાર કરવી જોઈએ અથવા તો આરોપીએ પોતે જ્યારે આ ચેક નાખવામાં આવ્યો ત્યારે પુરતુ બેલેન્સ પોતાના ખાતામાં હતુ તેવો પુરાવો રજુ કરવો જોઈએ, પરંતુ આ કામે આરોપીનો વાદગ્રસ્ત ચેક જે દિવસે બેંકમાં જમા થયો તે દિવસે પુરતુ બેલેન્સ હતુ તેવો કોઈ પુરાવો આરોપીપક્ષ રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. તેથી પડેલ પુરાવાઓની મુલવણી મુજબ ફરિયાદીની તરફેણમાં ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૧૮ અને કલમ-૧૩૯ ના અનુમાનોનું ખંડન કરી શકે તેટલો પ્રીપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટી જેટલો પણ પુરાવો આપી, આરોપી અનુમાનનું ખંડન કરી શકેલ નથી અને તેથી આરોપીના ખાતાનો ફરિયાદવાળો ચેક ફરિયાદીના કાયદેસરના લેણાની ચુકવણી પેટે તથા આરોપીના કાયદેસર રીતે વસુલ થઈ શકે તેવા દેવાની

ચુકવણી પેટે ફરિયાદીને આપેલો છે તે હકીકત ફરીયાદી નિઃશંકપણે પુરવાર કરવામાં સફળ રહેલ હોવાનું ફલીત થાય છે.

(૧૪) વધુમાં, આ કામે ફરીયાદપક્ષે રજુ કરેલ સોંગદ ઉપરની જુબાનીમાં ચેક, રીટર્ન મેમો, નોટીસ, એકનોલેજમેન્ટ વિગેરે દસ્તાવેજો રીફર કરેલ છે અને આંક-૧૨ થી ૧૮ સુધી દસ્તાવેજો રજુ કરેલા છે. સદર કામે આંક-૧૨ નો ચેક ફરીયાદીએ બેંકમાં ભરતાં તે ચેક આંક-૧૩ થી રજુ રીટર્ન મેમા મુજબ "ફંડ્સ ઇનસફીશીયન્ટ" ના શેરા સાથે સ્વીકાર્યા વગર પરત ફરતા, આરોપીને ફરીયાદીએ આંક-૧૪ વાળી ડિમાન્ડ નોટીસ તા. ૦૫/૧૧/૨૦૧૯ ના રોજ આર.પી.એડી. પોસ્ટ થી આરોપીને તેમના રહેઠાણના આપવામાં આવેલ છે. જે નોટીસ આરોપીને મોકલ્યાની આંક-૧૫ ની રજી.એડી.ની સ્લીપ રજુ કરેલ છે તેમજ રજી.એડી.ની એકનોલોજમેન્ટ રીસીપ્ટ આંક-૧૬ થી રજુ કરેલ છે જે જોતા તે આરોપીના રહેઠાણના સરનામે બજેલ હોવાનું ફલિત થાય છે. સદર કામે આંક-૧૨ વાળો ચેક જે અસલ છે જેમાં ચેક નં. ૫૩૨૯૫૫ તથા તા.૧૮/૧૦/૨૦૧૯ અને રકમ રૂ. ૩,૫૦,૦૦૦/- ની દર્શાવેલી છે. સદરકામે આંક-૧૩ થી રજુ રીટર્ન મેમો મુજબ સદર ચેક નં.૫૩૨૯૫૫ "ફંડ ઇન્સફીશીયન્ટ" ના કારણે પરત ફરેલ હોવાની ફરીયાદ હકીકતને સમર્થન મળે છે. આમ, આંક-૧૨ થી ૧૮ સુધીના દસ્તાવેજો જોતાં જે પુરાવા કાયદા મુજબ પુરાવામાં ગ્રાહ્ય રાખી શકાય તેમ છે. આમ આરોપીને ડીમાન્ડ નોટીસ યોગ્ય રીતે બજી ગયેલ હોવાની બાબત રેકર્ડ ઉપર આવેલ છે, હાલના કામે આરોપીપક્ષ તરફે નોટીસ નહિ બજેલાની કોઇ તકરાર લેવામાં આવેલ નથી. તેમજ આરોપીએ આંક-૧૪ ની નોટીસનો કોઇ જવાબ આપેલ હોય તેવી કોઇ હકીકત આરોપીપક્ષે રેકર્ડ ઉપર રજુ કરેલ નથી. આમ આરોપીને ચેક રીટર્ન થતાં ડીમાન્ડ નોટીસ બજેલ હોવા છતાં આરોપીએ ફરીયાદીને ચેકના નાણાં ચુકવવા માટે કોઇ પ્રયત્ન કરેલ નથી, તે બાબત પણ રેકર્ડ ઉપર આવેલ છે.

(૧૫) વધુમાં, કાયદાનો પણ એ પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે નકારાત્મક પુરાવો રજુ કરવાનો ન રહે. આ કામે ફરીયાદી તરફે પ્રથમથી જ આરોપી દ્વારા ફરિયાદી પાસેથી લીધેલી હાથ ઉછીની રકમ પરત કરવા માટે

ફરીયાદવાળો ચેક આપેલાનું જણાવેલ છે અને આરોપી તરફે પુરતી તક આપવા છતાં ફરીયાદીની ઉલટતપાસ કરવામાં આવેલ નથી અને તેથી ફરિયાદ હકીકતથી વિરુધ્ધની કોઇ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. તેમજ આરોપી દ્વારા ટ્રાયલ કોર્ટમાં હાજર રહીને પોતાનો બચાવ લીધેલ નથી અને ચેકનો જો દુરઉપયોગ થયેલ હોય તો તે અંગે કોઈ ફરિયાદ કરેલ હોય તેવી પણ કોઈ હકીકત જણાવેલ નથી અને નોટીસનો કોઇ જવાબ પણ આપેલ નથી. તેથી આરોપી તરફે જે બચાવ લેવામાં આવેલ છે તે યોગ્ય અને સંભવિત બચાવ હોવાનું ગણી શકાય નહિ.

(૧૬) હવે, ધી એન.આઇ.એકટની કલમ ૧૩૮ લાગુ પડતા પહેલા ત્રણ મુખ્ય શરતોનું પાલન થવુ આવશ્યક છે જે, (૧) ચેક કાયદેસરના દેણા પેટે અપાયેલ હોય અને તે સમયમર્યાદામાં બેંકમાં રજુ કરાયો હોય, (૨) ચેક પરત ફરતાં સમયમર્યાદામાં આરોપીને નોટીસ અપાયેલી હોવી જોઇએ, (૩) નોટીસ બાદ પણ ચુકવણું થયુ ના હોય, આ તમામ શરતો પરિપુર્ણ થતી હોય તો તે વ્યક્તિએ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબનો ગુનો કરેલ છે તેમ માનવાની કાયદાકીય જોગવાઈ છે. આ કેસમાં આ તમામ શરતો પરિપુર્ણ થયેલ છે અને તે પ્રમાણે ટ્રાયલ કોર્ટે સજા કરેલ છે તે સજામાં હસ્તક્ષેપ કરી શકાય નહિ તેવુ મારુ માનવુ છે.

(૧૭) સદર કામે ઉપરોકત ચર્ચા તથા હાથ પરના કેસની હકીકત અને રજુ થયેલ પુરાવાઓનું મુલ્યાંકન કરતાં ફરીયાદપક્ષ ફરીયાદ હકીકત મુજબ ફરિયાદી અને આરોપી વચ્ચે હાથ ઉછીની રકમની લેતી દેતી થયેલાની હકીકતને સમર્થન મળતુ હોવાનું ફલિત થાય છે જે આધારે ફરિયાદીએ આરોપીને ફરિયાદ હકીકત મુજબ રૂપિયા ૩,૫૦,૦૦૦/- મિત્રતાના નાતે હાથ ઉછીના આપેલા તે રકમની પરત ચુકવણી પેટે આરોપીએ વાદગ્રસ્ત ચેક આપેલ હોવાનુ, અને તે ચેક બેંકમાંથી સ્વીકાર્યા વગર "ફંડ ઇનસફીશીયન્ટ" ના કારણસર પરત ફરેલ હોવાનું, તેમજ સમયમર્યાદામાં આરોપીને વૈધાનિક નોટીસ આપતાં જે નોટીસ આરોપીને બજવા છતાં આરોપીએ રકમની ચુકવણી કરેલ નહિ હોવાનુ, ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ છે.

(૧૮) આ કામે ટ્રાયલ અદાલતનો ચુકાદો જોતા તેમજ કેસનું રેકર્ડ ધ્યાને લેતા આરોપીને બચાવ કરવા માટે પુરતી તકો આપેલ છે તેમ છતાં આરોપી દ્વારા ફરિયાદીની ઉલટતપાસ કરવામાં માટે હાજર રહેલ નથી તેથી ટ્રાયલ કોર્ટ દ્વારા ફરિયાદીની ઉલટતપાસ કરવાનો આરોપીનો હક્ક બંધ કરી દીધેલ છે. ત્યારબાદ આરોપી તરફે કોઈ દલીલ કરવા માટે પણ હાજર રહેલ નથી તેથી દલીલનો હક્ક પણ બંધ કરી દીધેલ છે. ટ્રાયલ અદાલતે પોતાના ચુકાદામાં નામ. સુપ્રીમ કોર્ટના ચુકાદાઓને ધ્યાને લીધેલ છે. જેથી ટ્રાયલ અદાલતનો ચુકાદો ધ્યાને લેતા જે ચુકાદો આપ્યો છે તેમાં હસ્તક્ષેપ કરવાનું ન્યાયોચિત જણાતુ નથી. ટ્રાયલ કોર્ટે તેમજ અપીલ કોર્ટે આરોપીને પુરતી તકો આપેલી હોય તેવા સંજોગોમાં કેસને રીમાન્ડ કરવાનું પણ ઉચિત જણાતુ નથી. આરોપીની આ પ્રથમ અપીલ હોય જેથી તેના અપીલ મેમોને ધ્યાને લઈને હાલની અપીલનો મેરીટ ઉપર નિર્ણય કરવામાં આવે છે.

(૧૯) સદર કામે વિ. જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રીએ પોતાના ચુકાદામાં જે તારણો આપેલા છે, તેમજ તે તમામ તારણોના કારણો લખેલા છે અને કઇ રીતે આરોપીનો બચાવ માની શકાય તેમ નથી તે તમામ વિગતો તેઓએ તેઓના ચુકાદામાં સ્પષ્ટ જણાવી છે. આથી પણ સદર ચુકાદામાં હસ્તક્ષેપ કરવું અત્રેની કોર્ટને યોગ્ય લાગતુ નથી.

(૨૦) વધુમાં, આ કામે આરોપી તરફે અપીલ મેમોમાં રજુઆત છે કે, વિધ્વાન ટ્રાયલ કોર્ટ દ્વારા પુરાવાનું યોગ્ય મુલ્યાંકન કરેલ નથી, તથા રેકર્ડ ઉપરના પુરાવા તથા વિરુધ્ધના તારણો આપેલ છે. તે સબંધે મારા ઉપરોકત તારણોને નજર સમક્ષ રાખી, અપીલ અદાલતને પુરાવાના મુલ્યાંકન સંબંધેની કાયદા દ્વારા જે સત્તા આપવામાં આવેલ છે, તેને ધ્યાને લેવામાં આવે તો અપીલના નિર્ણય કરતાં સમયે ચોક્કસપણે જો વિધ્વાન ટ્રાયલ કોર્ટ દ્વારા આપવામાં આવેલ તારણો રેકર્ડ બહારના હોય તો અપીલ કોર્ટ પુરાવાના પુન: મુલ્યાંકન બાદ સ્વતંત્ર નિર્ણય ઉપર આવી શકે. પરંતુ સાથોસાથ જો વિધ્વાન ટ્રાયલ કોર્ટ દ્વારા પુરાવાના મુલ્યાંકન સંબંધે વિગતવાર તથા તર્કબધ્ધ કારણો આપ્યા હોય ત્યારે અદાલતે તે કારણોની યથાર્થતા સૌ પ્રથમ ચકાસવાની રહે અને જો તે કારણો ક્ષતિયુકત છે, તેવા તારતમ્ય ઉપર

અદાલત આવે તો જ ટ્રાયલ અદાલતેના અભિપ્રાયમાં હસ્તક્ષેપ કરી શકે. આ કાયકાદીય પરિસ્થિતિને નજર સમક્ષ રાખી, વિધ્વાન ટ્રાયલ કોર્ટના આંક–૩૦ ના ચુકાદાને વંચાણે લેતાં, વિધ્વાન ટ્રાયલ કોર્ટે પોતાના ચુકાદામાં રેકર્ડ ઉપરની તમામ બાબતોને બારીકાઇથી ચકાસણી કરી, લંબાણપુર્વકની ચર્ચા કરેલ છે અને ઉભયપક્ષે રજુ કરવામાં આવેલ ચુકાદામાંના પ્રસ્થાપિત સિંધ્ધાતોને ધ્યાને રાખીને જ ફરીયાદી, આરોપી સામેના આક્ષેપો પુરવાર કરવામાં સફળ રહેલા છે, તેમજ વિરુધ્ધની કોઇ હકીકતો આરોપીપક્ષે પુરવાર થતી નથી તેમ ઠરાવી, આરોપીને ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ તકસીરવાન ઠરાવતો હુકમ કરેલ છે. તે સંજોગોમાં ઉપરોકત કરેલ સમગ્ર ચર્ચા તથા પુરાવાઓનું મુલ્યાંકન ધ્યાને લેતાં, વિધ્વાન ટ્રાયલ કોર્ટ દ્ધારા કરવામાં આવેલ હુકમ તે કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો તથા રેકર્ડ ઉપરના પુરાવા મુજબનો જ હોય, હસ્ત ક્ષેપને પાત્ર નથી, તેમ ઠરાવી મુદ્દા નં. ૧ નો નિર્ણય નકારાત્મક ઠરાવુ છુ અને મુદ્દા નં. ૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છું:

**::હુ ક મ::**

(૧) અપીલ કર્તા (મુળ આરોપી) ની હાલની ક્રિમીનલ અપીલ અરજ આથી **નામંજૂર (રદ્દ)** કરવામાં આવે છે.

(૨) વિધ્વાન ૧૬મા એડી.ચીફ.જયુડી. મેજીસ્ટ્રેટશ્રી, રાજકોટ નાઓએ ફોજદારી કેસ નં. ૧૭૧૩૬/૨૦૧૯ ના કામમાં આ કામના અપીલકર્તા (મુળ આરોપી)ને ક્રિ. પ્રો. કોડની કલમ–૨૫૫(૨) અન્વયે ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના ગુનાના કામે તકસીરવાન ઠરાવી ૧ (એક) વર્ષની સાદી કેદની સજા ભોગવવા તેમજ ક્રી.પ્રો.કોડ ની કલમ–૩૫૭(૩) મુજબ ફરિયાદીને વળતર પેટે રૂ૦ ૩,૫૦,૦૦૦/– દિન–૬૦ માં ચુકવી આપવા અને તેમાં કસુર થયેથી આરોપીએ વધુ ૬(છ) માસની સાદી કેદની સજા ભોગવવાનો તારીખ ૧૫/૦૪/૨૦૨૪ ના રોજ આંક–૩૦ થી કરેલ હુકમ આથી કાયમ રાખવામાં આવે છે.

(૩) આ કામના અપીલકર્તા/ આરોપીનુ અત્રેની કોર્ટે સજા વોરન્ટ ભરવું. આરોપી હાજર ન હોય તો તેની સામે સજા વોરન્ટની અમલવારી કરવા માટે પકડ વોરન્ટ કાઢવું.

(૪) જો એપેલેન્ટ–મુળ આરોપીએ નામ.કોર્ટમાં કોઈ રકમ ભરેલ હોય તો તે રકમ અને ફરિયાદીને કોઈ રકમ ચુકવેલ હોય તો તે રકમ વળતરની ચુકવવા પાત્ર થતી રકમ માંથી મજરે આપવી.

(૫) આ કેસનું ટ્રાયલ કોર્ટનું રેકર્ડ આ ઠરાવ–હુકમની એક નકલ સાથે વિ. ટ્રાયલ કોર્ટને પરત મોકલી આપવુ.

(૬) ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૪૨૮ ની જોગવાઈ મુજબ આરોપી જેટલો સમય કાચા કામના કેદી તરીકે જેલમાં રહ્યા હોય તેટલો સમય તેમને સજામાં મજરે આપવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ તા.**૧૬**, માહે–**એપ્રીલ**, સને–**૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

રાજકોટ.

તા. ૧૬/૦૪/૨૦૨૬.
સ્થળઃ રાજકોટ.

**(અશ્વિનકુમાર કેશવલાલ શાહ)**
GJ00663
પાંચમા એડીશનલ સેશન્સ જજ,
રાજકોટ